**ટી.પી.સ્કીમોની કામગીરીમાં પારદર્શીતા લાવી તેને વેગવન્તી કરવા**

**સરકારશ્રીનુ અભુતપુર્વ પગલુ**

- ટી.પી. એક્ટની અમલવારીના જ્યારે ૫૦ વર્ષનો લાંબો સમય થયેલ છે ત્યારે તેના અનુભવોને ધ્યાને રાખતા, શહેરી વિસ્તારોના સુદ્રઢ અને સુઆયોજિત વિકાસ માટે ગુજરાત રાજ્યના ખ્યાતિ પ્રાપ્ત ટી.પી. સ્કીમ મોડેલ ને વધુ શસક્ત બનાવવાના હેતુથી ટી.પી.સ્કીમો વધુ ઝડપથી ફાયનલ થાય અને તેની અલગ અલગ તબકકાની કાર્યવાહીમાં પારદર્શીતા સાથે ઝડપ લાવી શહેરોના વિકાસને વેગ આપવા આમુલ પરીવર્તન સુચવતા માન.મુખ્યમંત્રીશ્રી.
- જેમાં ગુજરાત રાજ્યના શહેરીજનો પણ સહભાગી બને તે ઉમદા હેતુથી સુચનો આવકારવા માટે નિર્ણય કરેલ છે.
- નવી કાર્યપદ્ધતિની જોગવાઇઓ,
  - ➢ પ્રારંભિક યોજના મંજુર થાય ત્યા સુધી, મુળખંડની હદ તથા ક્ષેત્રફળ કાયમ રહે તે માટે અસરકર્તાઓના વાંધા સુચનો મેળવવા અને ઓ.પી.ની હદ અને ક્ષેત્રફળ આખરી કરવા માટે ઓ.પી અપ્રૂવલ કમિટિની રચના.
  - ➢ યોજનાનો ઈરાદો જાહેર થતાની સાથે જ નગર રચના અધિકારી ની નિમણુક.
  - ➢ મુસદારૂપ નગર રચના યોજના સરકારશ્રીની મંજૂરી અર્થે રજુ થાય તે પહેલા મુખ્ય નગર નિયોજકનો અભિપ્રાય મેળવવાની જોગવાઇ.
  - ➢ મંજુર મુસદારૂપ નગર રચના યોજનામાં જો કોઇ ફેરફાર કરવાનો પ્રસંગ ઉપસ્થિત ન થાય તો નગર રચના અધિકારીએ આશરે ૭ મહીનામાં અન્યથા આશરે ૧૨ મહીનામાં પ્રારંભિક યોજનાના નિર્ણયો જાહેર કરી શકશે.
  - ➢ નગર રચના યોજના બનાવાની પ્રક્રીયામાં પારદર્શીતા જળવાય તે હેતુથી દરેક તબકકે યોજનાની દરખાસ્તો સમુચિત સત્તામંડળ/નગર આયોજન અને મુલ્યાંકન ખાતાની વેબસાઇટ પર પ્રસિધ્ધી.

- નગર રચના યોજના બનાવવાની પ્રક્રીયામાં ઝડપ આવે તે હેતુથી દરેક તબકકાના સમયગાળો સુચિત કરાયેલ છે અને સદર સમયગાળો જળવાય તે માટે સક્ષમ અધિકારી દ્વારા સમયાંતરે સમીક્ષા.
- મંજુર મુસદારૂપ યોજનાની દરખાસ્તમાં કોઇ ફેરફાર ન હોય તો વિકાસ પરવાનગી અંગેનો અભિપ્રાય નગર રચના અધિકારી આપશે.
- મુસદારૂપ યોજના મંજુર થયેથી સમુચિત સત્તામંડળ દ્વારા સમયમર્યાદામાં ટી.પી.રસ્તાઓનુ ડીમાર્કેશન ફરજીયાત.
- નગર રચના યોજનામાં આવતી સરકારી જમીનો માટે સરકારશ્રીનો પક્ષ રાખવા જીલ્લા કક્ષાના નોડલ અધિકારીની નિમણુંક.
- હાલમાં જારીમાં હોય તેવી નગર રચના યોજનાઓમાં પણ આ કાર્યપદ્ધતિ લાગુ પાડવાની જોગવાઇ.
- આ નવી કાર્યપદ્ધતિનો અમલ થયેથી લોકોની રજુઆતોમાં ઘટાડો થશે જેથી મુસદારૂપ નગર રચના યોજના ઝડપથી આખરી થઇ શકશે.